

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyadnews.com

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ **સાપ્તાહિક**

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-32 ■ તા. 24-8-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# વિદેશ મંત્રી જયશંકર અને પ્રમુખ પુતિન વચ્ચે મંત્રણા



મોસ્કો , તા.૨૨

ભારતના વિદેશ મંત્રી સુબ્રમન્યમ્ જયશંકર ગુરૂવારે પ્રમુખ પુતિનને મળ્યા અને દ્વિ-પક્ષીય સંબંધો વિકસાવવા મંત્રણા કરી. આ પૂર્વે જયશંકરે રશિયાના વિદેશ મંત્રી સર્ગી લેવરૉવ સાથે બંને દેશો વચ્ચે વ્યાપાર વધારવા ચર્ચા કરી હતી.લેવરૉવ સાથેની મંત્રણા કે. લેવરૉવ સાથેની મંત્રણામાં મહત્વનો મુદ્દો વૈશ્વિક ભૂરાજકીય પરિસ્થિતિ જ રહ્યો હતો.

આ પૂર્વે જયશંકરે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે, ૨૦૨૨ (યુક્રેન યુદ્ધ શરૂ થયું) પછી ભારતે રશિયન તેલ ખરીદવાનું ચાલુ રાખ્યું છે, પરંતુ ભારત રશિયન ઓઈલનું સૌથી મોટું ખરીદનાર નથી.

તેઓએ તેમ પણ કહ્યું કે, રશિયા પાસેથી ભારત તેલ ખરીદે તેને પહેલા તો (અમેરિકામાં) પ્રમુખ ટ્રમ્પે સહજ રીતે સ્વીકાર્ય માન્યું હતું. (હવે તે માટે ભારત પર પ્રતિબંધો લગાડે છે) જયશંકરે વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે, અમે નહી પરંતુ ચીન રશિયાનાં ક્રૂડનું સૌથી મોટુ ખરીદગાર છે.

આ મંત્રણાઓ વિષે નિરીક્ષકો કહે છે, આ બધુ પત્રકારોને કહેવા માટે હતું. વાસ્તવમાં, અત્યારના સૌથી ગંભીર પ્રશ્નો યુક્રેન-યુદ્ધ, ગાઝા પરિસ્થિતિ, ચીન-તાઈવાન પ્રશ્ન અને કેલિડોસ્કોપિક રીતે બદલાઈ રહેલી વૈશ્વિક પરિસ્થિતિ જ કેન્દ્ર સ્થાને હોઈ શકે.વિશ્લેષકો તો સ્પષ્ટ રીતે કહે છે કે રશિયા સાથેની મંત્રણામાં યુક્રેન જ કેન્દ્ર સ્થાને હોઈ શકે. વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિને તેઓ પ્રથમ વિશ્વ-યુદ્ધ પૂર્વેની વૈશ્વિક પરિસ્થિતિ સાથે સરખાવે છે. તે સમયે જેમ કેલિડોસ્કોપિક ઝડપે દ્રશ્યો બદલાતા હતા તેમ અત્યારે દ્રષ્યો બદલાઈ રહ્યા છે. તેવે સમયે ઝેલેન્સ્કીની પ્રમુખ ટ્રમ્પ તેમજ કેબિનેટના અગ્રીમ સભ્યો એ યુરોપીય સંઘના અગ્રણીઓ સાથેની મુલાકાત પછી લગભગ તુર્ત જ જયશંકરની આ મુલાકાત ધ્યાનાકર્ષક છે. કશું કંઈ રંધાઈ રહ્યું છે.

### સમલૈંગિક લોકો સાથે છેતરપિંડી કરતાં હોવાનું સામે આવ્યું

# સુરતમાં સમલૈંગિક લોકોને ફસાવી પૈસા પડાવવાનું કૌભાંડ

**આ મામલે પીડિતની ફરિયાદના આધારે વરાછા પોલીસે બે આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે**

સુરત, તા.૨૨

સુરતમાં છેલ્લા ઘણાં સમયથી ઠગ ટોળકી ગે ડેટિંગ એપ દ્વારા સમલૈંગિક લોકો સાથે છેતરપિંડી કરતાં હોવાનું સામે આવી રહ્યું છે. ત્યારે ફરી એક વાર ત્રણ શખસોએ એક રત્નકલાકારને ગે ડેટિંગ એપ પર ચેટિંગ કર્યા બાદ મળવા બોલાવીને રોકડ રૂપિયા, ફોન અને બાઈક પડાવી લીધી હતી. જો કે, આ મામલે પીડિતની ફરિયાદના આધારે વરાછા પોલીસે બે આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, સુરતના કતારગામમાં રહેતા ૨૯ વર્ષીય રત્નકલાકાર યુવકે ગે ડેટિંગ એપ દ્વારા મિત્રો બનાવીને વાતચીત કરતો હતો. આ દરમિયાન તે અજાણ્યા યુવકના સંપર્કમાં આવ્યો હતો અને તેની સાથે મેસેજમાં




વાતચીત કરતો હતો. અજાણ્યા યુવકે ૧૮મી ઓગસ્ટના રોજ રત્નકલાકારને મેસેજ કરીને વરાછા મારુતિ ચોક પાસે મળવા બોલાવ્યો હતો. જ્યાં બાઈક લઈને રત્નકલાકાર પહોચતા તેને એક યુવકે ચપ્પુ બતાવીને નજીકમાં આવેલી ગલીમાં ચોથા માળે લઇ જવાયો હતો, જ્યાં અન્ય બે અજાણ્યા ઈસમો પણ હાજર હતા. આરોપીઓએ રત્નકલાકારને ધમકીઓ આપી ૫૦ હજાર રૂપિયાની માંગણી કરી હતી.

રત્નકલાકારે પૈસા ના હોવાનું જણાવતા તેનો વીડિયો ઉતારી વાઈરલ કરી બદનામ કરવાની ધમકી આપી માર માર્યો હતો. ત્યારબાદ આરોપીઓએ રત્નકલાકારના મોબાઈલ ફોનમાંથી ૫ હજાર રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા. તેમજ મોબાઈલ ફોન પણ લઈ લીધો હતો અને તેની ૮૦ હજારની કિમંતની બાઈક લઈને ત્રણેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા.આ સમગ્ર મામલે રત્નકલાકાર યુવકે વરાછા પોલીસ સ્ટેશનમાં ત્રણ અજાણ્યા યુવકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે આરોપી અર્શીત સાખંટ અને દીપેન રાઠોડની ધરપકડ કરી છે. જયારે અન્ય આરોપીની શોધખોળ ચાલી રહી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી અર્શિત સામે વરાછા પોલીસ મથકમાં અગાઉ હત્યાનો ગુનો પણ વર્ષ ૨૦૨૪માં નોંધાયેલો છે .

# ૧૮ વર્ષથી વધુની ઉંમરના લોકોને નહીં મળે આધાર કાર્ડ

દિસપુર, તા.૨૨

આસામ સરકારે ૨૧ ઓગસ્ટે મોટો નિર્ણય લીધો છે. આસામ સરકારે નિર્ણય લીધો કે, હવે રાજ્યમાં ૧૮ વર્ષથી વધુની ઉંમરના લોકોનું આધાર કાર્ડ નહીં બનાવવામાં આવે. મુખ્યમંત્રી હિમંત બિસ્વ સરમાએ ગુરૂવારે કહ્યું કે, ગેરકાયદે પ્રવાસીઓને ભારતની નાગરિકતા મળતી અટકાવવા માટે આ પગલું ભર્યું છે. આ વ્યવસ્થા આ વર્ષે ઓક્ટોબરથી લાગુ કરાશે. તેના માટે સરકારે એક નોટિફિકેશન પણ બહાર પાડી છે. જો કે, આ અગાઉ કેટલાક સમુદાયોને થોડા સમય માટે છૂટ આપવામાં આવી છે. સરકારનું કહેવું છે કે, આ ઉદ્દેશ્ય




બાંગ્લાદેશી ઘુસણખોરોને આધાર કાર્ડ ઉપલબ્ધ કરાવવાથી રોકવાનો છે.

મુખ્યમંત્રીએ મંત્રીમંડળની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ૧૮ વર્ષથી વધુની ઉંમરના વ્યક્તિઓને આધાર કાર્ડની અરજી કરવા માટે માત્ર એક મહિનાનો સમય આપવામાં આવશે, જેમણ હજુ સુધી આધાર કાર્ડ બનાવ્યું ન હોય. જો કે, તેમણે કહ્યું કે, ચાના બગીચાઓમાં રહેતા આદિવાસી, ૧૮ વર્ષથી વધુની ઉંમરના અનુસૂચિત જાતી (SC) અને અનુસૂચિત જનજાતિ(ST)ના લોકોને આગામી એક વર્ષ સુધી આધાર કાર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જે લોકોએ હજુ સુધી આધાર કાર્ડ માટે અરજી નથી કરી, તેઓ ૧ સપ્ટેમ્બરથી અરજી કરી શકશે. આગામી એક મહિના માટે વિન્ડો ખુલી રહેશે. આધાર કાર્ડ માટે જે મુદ્દે સમસ્યા હશે, તેમણે ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કમિશનર દ્વારા અરજી કરવાની રહેશે.

# સેવન્થ ડે સ્કૂલ બહાર વાલીઓ, વિદ્યાર્થીઓ અને NSUIનું ભારે વિરોધ



અમદાવાદ, તા.૨૨

અમદાવાદની શાળા હવે સરસ્વતીનું મંદિર નહી પણ સમરાંગણ બની રહી છે. શહેરની શાળાઓ કયારેક શિક્ષકોની વર્તણૂંક તો કયારેક શાળાના ધાંધિયાના કારણે વિવાદમાં જોવા મળે છે. હાલમાં મણિનગરની સેવન્થ ડે સ્કૂલ વિદ્યાર્થીના આક્રમક વર્તનના કારણે વિવાદમાં સપડાઈ છે. ખોખરાની સેવન્થ ડે સ્કૂલમાં એક વિદ્યાર્થીએ સામાન્ય બબાલમાં બીજા વિદ્યાર્થી પર છરીથી હુમલો કર્યો. આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થતા વિદ્યાર્થીનું મોત નિપજતા વાલીઓ સહિત નાગરિકોમાં પણ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળ્યો.

સેવન્થ ડે સ્કૂલમાં ધોરણ-૮માં ભણતા વિદ્યાર્થીએ ધોરણ-૧૦ના વિદ્યાર્થી પર છરીથી હુમલો કરવાની ઘટના સામે આવતા શહેરભરમાં ચકચાર મચી જવા પામી છે. દરમિયાન વિદ્યાર્થીનું સારવાર દરમિયાન મોત નિપજતા વાલીઓના ટોળા શાળાએ ઉમટી પડ્યા હતા. વાલીઓએ શાળા સામે ઉગ્ર દેખાવ કરતા હોબાળો મચાવ્યો હતો. આ ઘટનામાં આજે સેવન્થ ડે સ્કૂલના વાલીઓ સાથએ NSUI કાર્યકરો અને સ્થાનિકો પણ વિરોધમાં જોડાયા. દરમિયાન NSUI કાર્યકરો અને પોલીસ વચ્ચે ધક્કામુક્કી જોવા મળી. પોલીસે NSUI કાર્યકરોની અટકાયત કરી.

સમગ્ર ઘટનાને લઈને NSUI દ્વારા ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરાયું. મૃતક વિદ્યાર્થીને ન્યાય અપાવવા સેવન્થ ડે સ્કૂલ બંધ કરવાની માગ સાથે વિરોધ કરાયો. સેવેન્થ ડે સ્કૂલ પાસે લોકોએ ઘેરાવ કર્યો. હવે વિદ્યાર્થીઓ પણ વિરોધ પ્રદર્શનમાં જોડાયા છે અને ન્યાય ન મળે ત્યા સુધી આંદોલન કરવાની ચીમકી આપી છે. વિરોધ કરનાર પ્રદર્શનકર્તાએ કહ્યું કે સેવન્થ ડે સ્કૂલની આ ખૂબ મોટી બેદરકારી છે.શાળા સામે કડક પગલાં લેવા જોઈએ. શાળામાં વિદ્યાર્થીઓની સલામતી જોખમાઈ રહી છે. શાળામાં ભણતા વિદ્યાર્થીઓએ પ્લે કાર્ડ સાથે વિરોધ કર્યો. તેમણે કહ્યું કે આ શાળામાં વારંવાર લડાઈઓ, મારામારી અને બબાલની ઘટના થાય છે. રોજ ફરિયાદ થવા છતાં સ્કૂલ કંઈ ધ્યાન નથી આપતી. વારંવારની ફરિયાદ છતાં શાળા પગલાં નથી લેતી ફક્ત એક દિવસ લોકોને સસ્પેન્ડ કરે છે. વિદ્યાર્થિનીઓ કાળા કપડા પહેરી વિરોધ નોંધાવ્યો. શાળામાં આવું બીજીવાર ન થાય તેની ખાતરી આપો. વાલીઓ લાખો રૂપિયા ફી લઈને વિદ્યાર્થીઓને શું આપો છો.

# અમેરિકાના ટેરિફ બોમ્બનો રશિયાએ છેદ ઉડાડ્યો!



મોસ્કો, તા.૨૨

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા વધારાનો ટેરિફ ફક્ત એટલા માટે લગાવ્યો છે કારણ કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદે છે. ટ્રમ્પની આ ખોટી નીતિની અસર જોવા મળી રહી છે અને રશિયા હવે ખુલીને ભારતને સપોર્ટ કરી રહ્યું છે તથા એક પછી એક ઓફર આપી રહ્યું છે. રશિયાના ભારતમાં ઉપવેપાર પ્રતિનિધિ એવગેની ગ્રિવાએ કહ્યું કે રશિયા ભારતને ક્રૂડ ઓઈલની ખરીદી પર વધુ પાંચ ટકાની મોટી છૂટ આપશે જે વાતચીતના આધાર પર નક્કી થશે.

રશિયાના સીનિયર ડિપ્લોમેટ રોમન બાબુશ્કિને એક અલગ નિવેદનમાં કહ્યું કે ભારતના સુદર્શન ચક્ર ડિફેન્સ સિસ્ટમના વિકાસમાં પણ રશિયા સામેલ થવા માંગે છે. રશિયા ઉપકરણોની રજૂઆત કરવા માંગે છે. અત્રે જણાવવાનું કે ગત અઠવાડિયે સ્વતંત્રતા દિવસ સમારોહના અવસરે દશને સંબોધિત કરતા પીએમ મોદીએ જાહેરાત કરી હતી કે ભારત એક નવી ડિફેન્સ સિસ્ટમ સુદર્શન ચક્ર વિક્સિત કરશે.

રોમન બાબુશ્કિને પ્રેસ કોન્ફરન્સની શરૂઆત હિન્દીમાં કરી. તેમણે કહ્યું કે અમે શરૂઆત કરીશું. શ્રીગણેશ કરીશું. બાબુશ્કિને કહ્યું કે ભારત માટે રશિયા સૈન્ય હાર્ડવેરનો મનપંસદ ભાગીદાર છે. સુદર્શન ચક્ર જેવા પ્રોજેક્ટ્સમાં સહયોગની શક્યતા છે. વાત જાણે એમ છે કે રશિયાના દૂતાવાસના મિશન ઉપ પ્રમુખ રોમન બાબુશ્કિને એ વાતનો ઉલ્લેખ કર્યો છે. તેમણે ભારતના આયર્ન ડોમ મિશન સુદર્શન ચક્ર ડિફેન્સ સિસ્ટમમાં રશિયાની ભાગીદારીની વાત કરી. તેમણે આશા વ્યક્ત કરી કે આ સિસ્ટમના વિકાસમાં રશિયાના ઉપકરણો સામેલ થશે. પ્રેસ કોન્ફરન્સમાં રોમન બાબુશ્કિને ભારત પર અમેરિકી ટેરિફ ઉપર પણ નિવેદન આપ્યું. તેમણે ભારતને રશિયન ઓઈલ ખરીદતું રોકવા માટે અમેરિકાના દબાણને ખોટું ગણાવ્યું. તેમણે કહ્યું કે વૈશ્વિક આર્થિક સ્થિરતા માટે આ યોગ્ય નથી. બીજી બાજુ સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના પૂર્વ રાજદૂત નિક્કી હેલીએ પણ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને ચેતવણી આપતા કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનના ભારત સાથે સંબંધ એક પરેશાન કરનારા વળાંક પર છે. હડસન ઈન્સ્ટીટ્યૂટના ફેલો બિલ ડ્રેક્સેલ સાથે ન્યૂઝવીક માટે લખવામાં આવેલા એક લેખમાં નિક્કી હેલીએ લખ્યું કે ભારત સાથે સંબંધ મજબૂત કરવા એ અમેરિકાની એશિયા રણનીતિ માટે મહત્વપૂર્ણ છે. તેમણે ચેતવણી આપતા કહ્યું કે એશિયામાં ચીની પ્રભુત્વના પ્રતિકાર રૂપે કામ કરનારા એકમાત્ર દેશ (ભારત) સાથે ૨૫ વર્ષના સંબંધોની ગતિને રોકવી એક 'રણનીતિક આફત' હશે.

# ઉપરાષ્ટ્રપતિ પદ માટે બી સુદર્શન રેડ્ડીએ ભર્યું ઉમેદવારી પત્ર



નવી દિલ્હી, તા.૨૨

ઈન્ડિયા એલાયન્સના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીએ ગુરુવારે (૨૧ ઓગસ્ટ) પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું. આ દરમિયાન કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી, સાંસદ રાહુલ ગાંધી, સમાજવાદી પાર્ટીના નેતા રામગોપાલ યાદવ અને સંજય રાઉત સહિત તમામ વિપક્ષી નેતાઓ હાજર રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં સુદર્શન રેડ્ડીનો સામનો એનડીએ ઉમેદવાર સીપી રાધાકૃષ્ણન સાથે થશે.

ચાર ઉમેદવારીપત્રો દાખલ કરવામાં આવ્યા છે, જેના પર કોંગ્રેસ સંસદીય દળના વડા સોનિયા ગાંધી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, ડીએમકેના તિરુચી શિવ અને ૧૬૦ સાંસદોએ પ્રસ્તાવક અને સમર્થક તરીકે સહી કરી છે. સુદર્શન રેડ્ડી સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અને ગોવાના લોકાયુક્ત છે. હવે બંને પક્ષોના ઉમેદવારોએ ઉપરાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી નોંધાવી છે. એનડીએના ઉમેદવાર સીપી રાધાકૃષ્ણને ગઈકાલે ઉમેદવારી નોંધાવી હતી. આ દરમિયાન તેમની સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, કિરેન રિજિજુ, ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ હાજર હતા, જ્યાં પીએમ મોદી પ્રથમ પ્રસ્તાવક બન્યા હતા.

# કર્ણાવતી યુનિવર્સિટી એન.એસ.એસ. ના સ્વયંસેવકો દ્વારા પ્રોજેક્ટ શિક્ષા નો આરંભ



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર, ૨૨ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ યુવા-નેતૃત્વ હેઠળ કર્ણાવતી યુનિવર્સિટી એન.એસ.એસ. ના સ્વયંસેવકો એ પ્રોજેક્ટ શિક્ષાનું આયોજન કર્યું - જ્ઞાન, કરુણા અને સંભાળ દ્વારા વંચિત બાળકોને સશક્ત બનાવવાના હેતુથી એક પરિવર્તનશીલ શૈક્ષણિક પહેલ શરૂ કરીગાંધીનગર સેક્ટર ૨૩ માં આયોજિત, આ પહેલ ૧૦ થી વધુ સમર્પિત એન.એસ.એસ સ્વયંસેવકોને એકઠા કર્યા, જેમણે આખો દિવસ લગભગ ૫૦ બાળકો સાથે સમય વિતાવી શિક્ષણ, હાસ્ય અને પ્રેમથી ભરેલું વાતાવરણ બનાવ્યું.

આ સમગ્ર કાર્યક્રમ નું સફળ આયોજન કર્ણાવતી યુનિવર્સિટી ના એન.એસ.એસ. યુનિટ ના સંયોજક શ્રીમતી અંજલી પટેલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# અનાથ દીકરીઓના જીવનની આ મહત્વની પળે સહાયક બનતી સરકારની લગ્ન સહાય યોજના

હિન્દુ ધર્મમાં કન્યાદાનને મહાદાન માનવામાં આવે છે, લગ્નને ૧૬ સંસ્કારોમાં સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવ્યા છે. કારણ કે કન્યાદાન ફક્ત ધાર્મિક કાર્ય નથી પરંતુ તે પ્રેમ, વિશ્વાસ અને નવી જવાબદારીઓ સાથે નવા સંબંધો સાચવતા ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાનું પ્રતીક છે. સરકાર દ્વારા આ પવિત્ર પરંપરા માટે પણ યોજનાકીય સહાય આપવામાં આવી છે. જેમાં પાલક માતા પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના લાભાર્થી દીકરીઓને લગ્ન સહાય આપવાની યોજના અમલમાં છે. ગુજરાત સરકાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આ યોજનાકીય સહાય પૂરી પાડવામાં આવે છે, આ યોજનાનો લાભ લેવા માટે જિલ્લા કક્ષાએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જિલ્લા બાળ સુરક્ષા એકમ ખાતે અરજી કરવાની રહે છે?. જેને યોગ્યતા અનુસાર જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા મંજૂર કરવામાં આવે છે.ગાંધીનગર જિલ્લાની વાત કરવામાં આવે તો ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સાણોદ ગામના જયાબેન રાકેશજી પરમાર એ પણ આ યોજનાના લાભાર્થી છે. જયાબેનના માતા પિતા બંનેનું અવસાન થતા તેમના કાકા કિરણજી કાળાજી પરમાર દ્વારા અનાથ બાળક સહાય માટે અરજી કરાતા તેમને દર મહિને ૩,૦૦૦ ની સહાય મંજૂર કરવામાં આવી હતી.તા.૧૭ એપ્રિલ ૨૦૨૦ ના રોજ દીકરી જયાબેન ૧૮ વર્ષ પૂર્ણ કરતા આ સહાયનો લાભ બંધ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ સરકાર શ્રીની પાલક માતા પિતા યોજના અને મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના લાભાર્થી દીકરીઓને લગ્ન સહાય પણ ચૂકવવામાં આવે છે, જે અન્વયે જાણકારી મળતા તેમણે આ સહાય માટે પણ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને અરજી કરી હતી.જયાબેનના લગ્ન લાખાજી ના મુવાડા, દહેગામ તાલુકા ખાતે કરણસિંહ જગતસિંહ ઝાલા સાથે તા.૧૬ /૦૫ /૨૦૨૩ ના રોજ થતાં, સ્પોન્સરશિપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ કમીટી ( SFCAC) દ્વારા રૂપિયા બે લાખની સહાય આપવામાં આવી છે. હા અંગે જયા બેન જણાવે છે કે, "અમારા જેવી અનાથ દીકરીઓ ના જીવનમાં સરકારી યોજના નાની નાની ખુશીઓ થકી મોટો ભાગ ભજવી રહી છે. સરકાર માત્ર દીકરીઓની સુરક્ષા અને ભણતર જ નહીં પરંતુ તેમના દાંપત્ય જીવનની શરૂઆતમાં પણ યોજનાકીય સહાય થકી ખુશીઓનો આધાર બની છે."

ઉલ્લેખનીય છે કે, લગ્ન એ દીકરીઓ માટે સૌથી મહત્વની ઘટના છે.

# જાફરાબાદના તોફાની દરિયામાં ૧૧ માછીમારો ૪ દિવસથી લાપતા, અન્ય બે બોટના ૯ ખલાસીનું રેસ્ક્યૂ



છેલ્લા ત્રણ દિવસથી અમરેલી જિલ્લામાં દરિયો તોફાની બન્યો છે. જેના કારણે માછીમારો અને ફિશિંગ બોટો પર ભારે જોખમ ઊભું થયું છે. આ પરિસ્થિતિમાં ૩ દિવસ પહેલાં ૩ ફિશિંગ બોટ ડૂબી જવાથી ૧૧ માછીમારો હજુ પણ લાપતા છે, જેમને શોધવા માટે કોસ્ટગાર્ડની ટીમ સતત કામ કરી રહી છે.લાપતા થયેલા ૧૧ માછીમારોની શોધખોળ ચાલુ હતી તે દરમિયાન, શિયાળબેટની વધુ બે બોટ અને તેમા સવાર ૯ ખલાસીઓ સાથેનો સંપર્ક તૂટી જતાં નવી ચિંતા ઊભી થઈ હતી. આ બે બોટના નામ ‘ધનવંતી‘ અને ‘લક્ષ્મીપ્રસાદ‘ હતા. જોકે, આ બોટ અને ખલાસીઓ હેમખેમ મળી આવતાં સૌએ હાશકારો અનુભવ્યો હતો.પહેલા ‘ધનવંતી‘ બોટ અને તેના ખલાસીઓ મળી આવ્યા હતા અને તેમને પરત લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ‘લક્ષ્મીપ્રસાદ‘ બોટનો પણ સંપર્ક થઈ જતાં તેને પણ કિનારે લાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.જાફરાબાદના દરિયામાં ભારે કરંટ આવતા વહીવટી તંત્રએ તમામ માછીમારોને પરત ફરવાનો સંદેશ આપ્યો હતો. આ સંદેશ મળતા ૫૦૦થી વધુ બોટ દરિયામાંથી કિનારે પરત ફરી હતી. જોકે, આ દરમિયાન જાફરાબાદની ૨ અને રાજપરાની ૧ બોટ ડૂબી ગઈ હતી. આ ઘટનામાં ૧૭ માછીમારોને બચાવી લેવાયા હતા, પરંતુ ૧૧ માછીમારો હજુ પણ લાપતા છે. આ લાપતા માછીમારોને શોધવા માટે છેલ્લા ૪૮ કલાકથી કોસ્ટગાર્ડના જહાજ અને હેલિકોપ્ટર દ્વારા સઘન શોધખોળ ચાલી રહી છે.વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, જાફરાબાદ અને આસપાસના વિસ્તારની કુલ ૭૦૦થી વધુ બોટ છે, જેમાંથી મોટાભાગની બોટ આજે સવાર સુધીમાં સુરક્ષિત રીતે કિનારે પહોંચી ગઈ છે. જે બોટના એન્જિન દરિયામાં બંધ પડી ગયા હતા

# માત્ર ૧૫૦ રૂપિયાનો પ્રોફિટ થતાં મેનેજરે ૧૫.૨૫ લાખ ગુમાવ્યા

ગાંધીનગરના અડાલજ ખાતે રહેતા ગોલ્ડલોન કંપનીના મેનેજર સાથે ઓનલાઈન પાર્ટ-ટાઈમ જોબના બહાને ૧૫.૨૫ લાખથી વધુની છેતરપિંડી થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ કિસ્સામાં પ્રારંભિક તપાસ દરમિયાન ૪૩,૫૧૨ની રકમ રિકવર કરી પોલીસને સફળતા મળી હતી.મળતી માહિતી અનુસાર, અડાલજ સ્વાગત સીટી કોમ્પલેક્ષમાં આવેલી આઈ.આઈ.એફ.એલ ગોલ્ડલોન કંપનીમાં મેનેજર તરીકે પાર્થ જશવંતભાઈ પંચોલી ફરજ બજાવે છે. જે ગત તા. ૨૭ જુન, ૨૦૨૫ના રોજ એક અજાણ્યા નંબરથી પાર્થને ‘ૐ૧૫૪‘ નામના વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યો હતો. આ ગ્રુપમાં હોટેલ અને રેસ્ટોરન્ટના ઓનલાઈન રિવ્યુ માટે પાર્ટ-ટાઈમ જોબની જાહેરાત મૂકવામાં આવી હતી.આ ગ્રુપમાં ટાસ્ક પૂર્ણ કરવા માટે અલગ અલગ લિંક્સ મોકલવામાં આવતી હતી. જેનું પ્રથમ ટાસ્ક પૂર્ણ કરતા પાર્થના ખાતામાં ૧૫૦ જમા થયા હતા.

# શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫ યોજાશે




ગાંધીનગર, તા.૨૨ રાજ્યમાં સાંસ્કૃતિક વારસા અને લોકકલાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા ‘શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫‘નું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે યોજાનારી આ સ્પર્ધામાં શ્રેષ્ઠ ત્રણ ગણેશ પંડાલોને લાખોના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે મ્યુનિસિપલ કમિશનર જે.એન. વાઘેલા, જિલ્લા વિકાસ અધિકારી બી.જે. પટેલ અને નિવાસી અધિક કલેક્ટર અર્જુનસિંહ વણઝારાની ઉપસ્થિતિમાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ વિજેતા શ્રેષ્ઠ ગણેશ પંડાલને ૫ લાખ, દ્વિતીય ક્રમને ૩ લાખ અને તૃતીય ક્રમને ૧.૫૦ લાખનો પુરસ્કાર આપવામાં આવશે. આ ઉપરાંત, અન્ય પાંચ પંડાલોને પણ ૧ લાખનો પ્રોત્સાહન પુરસ્કાર એનાયત કરવામાં આવશે.પંડાલને સજાવવા વોકલ ફોર લોકલ અંતર્ગત દેશી વસ્તુઓનો ઉપયોગ કરાશે

આ અંગે મ્યુનિસિપલ કમિશનર જે.એન. વાઘેલાએ જણાવ્યું હતું કે, આ સ્પર્ધામાં પંડાલોનું મૂલ્યાંકન ચોક્કસ થીમ અને માપદંડોને આધારે થશે. જેમાં પંડાલનું સુશોભન, કલાત્મક સજાવટ, સામાજિક સંદેશ, પર્યાવરણને અનુકૂળ (ઈકો-ફ્રેન્ડલી) ગણેશ પ્રતિમાનો ઉપયોગ અને રાષ્ટ્રભાવના પર આધારિત બે મુખ્ય થીમનો સમાવેશ થાય છે. જેમાં ‘ઓપરેશન સિંદૂર‘ થીમ હેઠળ ઓપરેશન સિંદુરના ગૌરવપૂર્ણ ઈતિહાસ અને દેશભક્તિ પર આધારિત સુશોભન કરવાનું રહેશે. જ્યારે ‘સ્વદેશી‘ થીમ હેઠળ વડાપ્રધાનના ‘વોકલ ફોર લોકલ‘ના આહ્વાનને પ્રોત્સાહન આપવા માટે સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરીને પંડાલ સજાવવાનો રહેશે.આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ગણેશ મંડળોના પ્રતિનિધિઓએ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતેથી ફોર્મ મેળવી લેવા અને તારીખ ૨૮ ઓગસ્ટ, બપોરે ૧૨ કલાક સુધીમાં ભરેલા ફોર્મ જમા કરાવી દેવાના રહેશે. આ પ્રતિયોગિતાનો હેતુ ગણેશોત્સવને માત્ર ધાર્મિક જ નહી, પરંતુ સાંસ્કૃતિક, સામાજિક અને રાષ્ટ્રીય ભાવનાઓ સાથે પણ જોડવાનો છે.

# સુરતમાં જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી બાદ ગણેશ ઉત્સવ માટે તડામાર તૈયારીઓ શરુ

સુરત, તા.૨૨

શ્રાવણ માસની શરુઆત સાથે જ ધાર્મિક તહેવારોની શરૂઆત થઈ ગઈ છે. દશામા અને જન્માષ્ટમીની ઉજવણી બાદ સુરતીઓ ગણેશોત્સવ માટે થનગની રહ્યા છે. સુરતમાં છેલ્લા કેટલાક વખતથી ગણેશ વિસર્જનના બદલે બાપ્પાના આગમન યાત્રા ઝાકમઝોળથી કાઢવામાં આવી રહી છે. તેની સાથે જ નાના મોટા ગણેશ આયોજકોએ ગણપતિ સ્થાપના માટે મંડપ બનાવવાની કામગીરી શરુ કરી દીધી છે. સુરતમાં હાલ વરસાદ હોવા છતાં ગણેશ આયોજકોનો ઉત્સાહમાં કોઈ ફેર પડ્યો નથી અને તેઓ ગણેશોત્સવ માટે તડામાર તૈયારી કરી રહ્યાં છે. છેલ્લા કેટલાક વર્ષોથી મુંબઈની જેમ સુરતમાં પણ ગણેશોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાઈ રહ્યો છે. પહેલાની સરખામણીમાં સુરતમાં ગણેશોત્સવની ભવ્યતા વધી રહી છે. હાલ સુરતમાં નાના મોટા ૮૦ હજારની આસપાસ ગણેશજીની સ્થાપના થાય છે તેના કારણે અનેક લોકોને રોજીરોટી મળી રહી છે.




Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું